# e-SamajKalyan

# Citizen Help Manual

Version 1.0

Total Pages : 20

# 1. Common Employee Help Manual

## a. Website URL


✓ ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ open કરવા માટે browser (Internet Explorer, Chrome, Firefox પૈકી કોઈ પણ એક) open કરો અને https://esamajkalyan.gujarat.gov.in/ ટાઈપ કરો.





✓ ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર રજીસ્ટર થવા માટે Please Register Here link પર ક્લિક કરો.

## b. Registration

- ✓ આ ફોર્મ દ્વારા તમે ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર રજીસ્ટર થઈ શકશો.
- ✓ “ * ” કરેલી બધી જ માહિતી ભરવાની રહેશે.





1. અરજદારનું પૂરું નામ (આધારકાર્ડ પ્રમાણે) લખવું.
2. અરજદારનું લિંગ પસંદ કરો.
3. અરજદારની જન્મ તારીખ પસંદ કરો.
4. અરજદારનો આધારકાર્ડ નંબર લખો.
5. અરજદારનું Email ID (જો હોય તો) લખો.
6. અરજદારની જાતિ પસંદ કરો.
7. અરજદારનો મોબાઈલ નંબર લખો.
8. ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ  પર લૉગિન થવા માટેનો પાસવર્ડ લખો
9. પાસવર્ડ ફરીથી લખો.
10. તમારી બધી માહિતી ચકાસીને Register બટન પર ક્લિક કરો.




- ✓ Register બટન પર ક્લિક કર્યા બાદ એક વિન્ડો ખુલશે જેમાં તમારું નામ, લિંગ, જન્મ તારીખ તથા જાતિની માહિતી હશે.
  1. જો તે માહિતી બરાબર હોય તો Confirm બટન (1) પર ક્લિક કરો.
  2. જો તે માહિતી બરાબર ના હોય તો Cancel બટન (2) પર ક્લિક કરો અને માહિતી બદલીને Register બટન પર ક્લિક કરો.
- ✓ રજિસ્ટ થયા બાદ તમારું UserID અને Password તમારા મોબાઈલ નંબર પર SMS દ્વારા મોકલવામાં આવશે. (જો Email ID ની માહિતી લખી હશે તો મેઇલમાં પણ મોકલવામાં આવશે)


## c. Login




- ✓ Login થવા માટે તમારું UserID અને Password તથા Captcha Code ની વિગતો ભરીને Login બટન ઉપર ક્લિક કરો.

## d. User Profile

- ✓ પ્રથમ વખત લૉગિન થયા બાદ અરજદારની અન્ય વ્યક્તિગત વિગતો ભરવાની રહેશે.
- ✓ “ * ” કરેલી બધી જ માહિતી ભરવાની રહેશે.





- ✓ (1), (3), (5), (6), (7), (9) નંબર ની માહિતી રજીસ્ટ્રેશન વખતે ભરેલી માહિતી મુજબ ભરેલી જ હશે. ( (11) જો Email ID ની માહિતી રજીસ્ટ્રેશન વખતે લખી હશે તો)

1. અરજદારનું પૂરું નામ (આધારકાર્ડ પ્રમાણે) લખવું. (કોઈ પણ યોજનાનું પહેલું ફોર્મ ભર્યા પહેલા બદલી શકશો)
2. અરજદારનું પૂરું નામ (ગુજરાતીમાં)નામ લખો.
3. અરજદારનો આધારકાર્ડ નંબર (આધારકાર્ડ નંબર બદલી નહીં શકો.)
4. અરજદારના પિતા/પતિનું પૂરું નામ લખો.
5. અરજદારની જન્મ તારીખ પસંદ કરો. (કોઈ પણ યોજનાનું પહેલું ફોર્મ ભર્યા પહેલા બદલી શકશો)
6. અરજદારનો મોબાઈલ નંબર લખો
7. અરજદારની જાતિ પસંદ કરો. (કોઈ પણ યોજનાનું પહેલું ફોર્મ ભર્યા પહેલા બદલી શકશો)
8. અરજદારની પેટાજાતિ પસંદ કરો.
9. અરજદારનું લિંગ પસંદ કરો. (કોઈ પણ યોજનાનું પહેલું ફોર્મ ભર્યા પહેલા બદલી શકશો)
10. શારીરિક વિક્લાંગતા હોય તો 'હા' પસંદ કરો અથવા 'ના' પસંદ કરો.
11. ઈમેલ આઈડી (જો હોય તો) લખો.
12. ફોન નંબર (જો હોય તો) લખો.
13. અરજદારનો ફોટો અપલોડ કરો.
14. વિકલાંગતાનો પ્રકાર પસંદ કરો. (જો વિકલાંગતા હોય તો માહિતી ભરવી)
15. વિકલાંગતાની ટકાવારી લખો. (જો વિકલાંગતા હોય તો માહિતી ભરવી)
16. અરજદારનું હાલનું સરનામું – ની વિગતો ભરો.
17. અરજદારનું કાયમી સરનામું – ની વિગતો ભરો.
18. બધી વિગતો ભરીને Update બટન પર ક્લિક કરો.


- ✓ (1), (3), (5), (7), (9) નંબર સિવાયની માહિતી તમે ગમે ત્યારે View Profile મેનૂમાં જઈને બદલી શકો છો.

## e. Home Page





- ✓ Login થયા બાદ (પ્રથમ વખત લૉગિન થયા બાદ અરજદારની અન્ય વ્યક્તિગત વિગતો ભર્યા બાદ) તમારી જાતિને લગતી યોજના સ્ક્રીન પર દેખાશે.
- ✓ તમારે જે યોજનાની અરજી કરવાની હોય એ યોજના પર ક્લિક કરવાનું રહેશે.

## f. Application for Scheme (Tab-1)




- ✓ આ ફોર્મમાં બધી જ માહિતી (User Profileફોર્મમાં હશે તે) ભરેલી જ હશે.
- ✓ (1), (2), (3), (4), (5), (6) નંબર ની માહિતી બદલી શકો છો.
- ✓ બધી વિગતો ભરીને Save & Next બટન (7) પર ક્લિક કરો.
- ✓ આ ફોર્મ અત્યારે ના ભરવા ઇચ્છતા ના હોય તો Cancel બટન (8) પર ક્લિક કરો.

## g. Application for Scheme (Tab-2)



Social Justice & Empowerment Department
(Government of Gujarat)

ઈ-સમાજ કલ્યાણ

Home | Welcome, Mitaben Chhaganbhai Vaghela

**અનુસૂચિત જાતિઓની કન્યાના લગ્ન પ્રસંગે કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ નાણાંકીય સહાય મેળવવા માટેનું અરજી પત્રક**

વ્યક્તિગત માહિતી | 2 અરજીની વિગતો | 3 ડોક્યુમેન્ટ અપલોડ | 4 એકરાર

**કન્યાની અન્ય વિગતો**

| | | | |
|---|---|---|---|
| લગ્ન કર્યાની તારીખ : * | | લગ્નના દિવસે કન્યાની ઉંમર વર્ષ : * | |
| લગ્ન કરનાર કન્યાના બહેનોની સંખ્યા : * | | લગ્ન કરનાર કન્યાના પિતા/વાલીનો આધારકાર્ડ નંબર : * | |
| લગ્ન કરનાર કન્યાના મા-બાપ/ વાલીની બધા સાધનોની મળીને વાર્ષિક આવક : * | | | |

**કન્યાના પિતા/ વાલીનું સરનામું**

| | | | | | |
|---|---|---|---|---|---|
| રાજ્યનું નામ : * | Gujarat | જિલ્લાનું નામ : * | -Please Select- | તાલુકાનું નામ: * | - Please Select - |
| ગામનું નામ : * | - Please Select - | સરનામું : * | | પીનકોડ : * | |

**જે યુવક સાથે લગ્ન થયા હોય તેની વિગતો**

| | | | | |
|---|---|---|---|---|
| વરનું પૂરું નામ : * | | | | વર કન્યાની સંયુક્ત ફોટો * |
| વરનો આધારકાર્ડ નંબર : * | | વરના પિતાનું નામ : * | | |
| વરની જાતિ : * | - Please Select - | વરની પેટાજાતિ : * | -Please Select- | |
| વરની જન્મ તારીખ :* | | લગ્નના દિવસે વરની ઉંમર : * | 0 | Upload |

**બેંકની વિગતો**

| | | | |
|---|---|---|---|
| બેંકનું નામ : * | | શાખાનું નામ : * | |
| IFSC કોડ નંબર: * | | બેંક એકાઉન્ટ નંબર : * | |


Save & Next | Cancel

1 2

© 2019, SJED All Rights Reserved. Total Visitors : 3079 | Last Updated On : 17/12/2019 Powered By: Guj Info Petro Ltd.

- ✓ આ ફોર્મમાં યોજનાને લગતી વિગતો ભરવાની રહેશે.
- ✓ " * " કરેલી બધી જ માહિતી ભરવાની રહેશે.
- ✓ બધી વિગતો ભરીને Save & Next બટન (1) પર ક્લિક કરો.
- ✓ આ ફોર્મ અત્યારે ના ભરવા ઇચ્છતા ના હોય તો Cancel બટન (2) પર ક્લિક કરો.

## h. Application for Scheme (Tab-3)




- ✓ આ ફોર્મમાં યોજનાને લગતા ડૉક્યુમેન્ટ અપલોડ કરવાના રહેશે.
- ✓ " * " કરેલા બધા જ ડૉક્યુમેન્ટ અપલોડ કરવાના (તથા જે તે ડૉક્યુમેન્ટના નંબર હોય તે લખવાના) રહેશે.
- ✓ બધી વિગતો ભરીને Save & Next બટન (1) પર ક્લિક કરો.
- ✓ આ ફોર્મ અત્યારે ના ભરવા ઇચ્છતા ના હોય તો Cancel બટન (2) પર ક્લિક કરો.

## i. Application for Scheme (Tab-4)




- ✓ નિયમો અને શરતો વાચીને (1) નંબર પર ટીક કરો.
- ✓ ત્યારબાદ Save Application બટન (2) પર ક્લિક કરો.
- ✓ આ ફોર્મ અત્યારે ના ભરવા ઇચ્છતા ના હોય તો Cancel બટન (3) પર ક્લિક કરો.
- ✓ Save Application બટન (2) પર ક્લિક કર્યા બાદ નીચે પ્રમાણે એક વિન્ડો ખુલશે જેમાં તમારો અરજી નંબર હશે. આ અરજીની આગળની કાર્યવાહી માટે અરજી નંબર નોંધી લેવા વિનંતી.
- ✓ જો તમે અરજીની માહિતી પ્રિન્ટ કરવા ઇચ્છતા હોય તો અરજી પ્રિન્ટ કરો બટન પર ક્લિક કરો.



## j. Application Print

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ (ગુજરાત સરકાર)
નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ
કુંવરબાઈનું મામેરુ યોજના

**પ્રતિ,**
**Mitaben Chhaganbhai Vaghela**
**ABC Society, Nr. Vastral Road,**
**વસ્ત્રાલ, વટવા,**
**અમદાવાદ**

વિષય - કુંવરબાઈનું મામેરુ યોજનાની અરજી કરવા બાબત.

અરજી ક્રમાંક : 1930701025000062 , તારીખ : 17/12/2019

મહાશય / મહોદયા,

આપની તા. 17/12/2019ની અરજી નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ વિભાગનાં અમદાવાદ જિલ્લામાં અરજી ક્રમાંક 1930701025000062 થી નોંધાયેલ છે જેની જાણ થવા વિનંતી.


પત્રવ્યવહારમાં અરજી ક્રમાંક અનિવાર્યપણે દર્શાવવાનો રહેશે.

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ
અમદાવાદ

*This is a system generated application copy.

Generated On: 17/12/2019 17:39:59

## k. Application List




1. તમારી અરજીની વિગતો જોવા માટે જે તે અરજીની લાઈનમાં View Application પર ક્લિક કરવું.
2. અરજી નંબર પ્રિન્ટ કરવા માટે અરજી પ્રિન્ટ પર ક્લિક કરો.
3. તમારી અરજી પરત આવી હશે તો સુધારો બટન દેખાશે. (નોંધ જોઈને તમે તમારી અરજી સુધારી શકો છો અને ફરીથી સબમિટ કરી શકો છો.)

## l. Update Profile, Change Password, Logout





- ✓ ઉપરના ફોટામાં બતાવ્યા પ્રમાણે View Profile, Change Password, Logout મેનૂ જોવા માટે કોઈ પણ પેજમાં તમારા નામ પર ક્લિક કરો.

## 1) Update Profile

✓ તમારા પ્રોફાઇલની વિગતો જોવા અથવા બદલાવવા માટે View Profile મેનૂ (1) પર ક્લિક કરો.
✓ પ્રોફાઇલની વિગતો બદલાવવાની વધુ માહિતી માટે d. User Profile જુઓ.

## 2) Change Password

✓ ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર તમારો પાસવર્ડ બદલવા માટે Change Password મેનૂ (2) પર ક્લિક કરો.





1. તમારો ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પરનો અત્યારનો પાસવર્ડ લખો.
2. ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ માટે તમારો નવો પાસવર્ડ લખો
3. ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ માટે તમારો નવો પાસવર્ડ ફરીથી લખો.
4. બધી વિગતો ભરીને Submit (4) બટન પર ક્લિક કરો. આ બટન પર ક્લિક કરવાથી તમારો પાસવર્ડ બદલાઈ જશે.
   - ✓ તમારો નવો પાસવર્ડ તમારા મોબાઈલ પર SMS દ્વારા મોકલવામાં આવશે. (ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર તમારા Email-ID ની માહિતી હશે તો ઈમેઈલ દ્વારા પણ મોકલવામાં આવશે.)
5. પાસવર્ડ અત્યારે બદલવા ઇચ્છતા ના હોય તો Cancel (5) બટન પર ક્લિક કરો.

## 3) Logout

✓ ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર લૉગ આઉટ થવા માટે Logout મેનૂ (3) પર ક્લિક કરો.

## m. Other Functionalities



## 1) Forgot Password

✓ તમે તમારો પાસવર્ડ ભૂલી ગયા હોય તો Forgot Password link (1) પર ક્લિક કરો.





1. તમારું ઈ-સમાજ કલ્યાણ પોર્ટલનું UserID લખો.
2. નવો પાસવર્ડ જાણવા માટે Get New Password (3) બટન પર ક્લિક કરો.

✓ તમારો નવો પાસવર્ડ તમારા મોબાઈલ પર SMS દ્વારા મોકલવામાં આવશે. (ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર તમારા Email-ID ની માહિતી હશે તો ઈમેઈલ દ્વારા પણ મોકલવામાં આવશે.)

3. લૉગિન પેજ પર જવા માટે Login બટન પર ક્લિક કરો.


## 2) Forgot UserID





1. તમારો આધારકાર્ડ નંબર લખો.
2. તમારી જન્મ તારીખ લખો.
3. ઉપરની વિગતો ભરીને Get UserID બટન પર ક્લિક કરો.
   - ✓ તમારું UserID તમારા મોબાઈલ પર SMS દ્વારા મોકલવામાં આવશે. (ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર તમારા Email-ID ની માહિતી હશે તો ઈમેઈલ દ્વારા પણ મોકલવામાં આવશે.)
4. લૉગિન પેજ પર જવા માટે Login બટન પર ક્લિક કરો.

## 3) View Application Status

✓ તમારી કોઈ પણ યોજના માટેની અરજીની સ્થિતિ જાણવા માટે View Application Status (3) બટન પર ક્લિક કરો.




1. જે યોજના માટેની અરજીની સ્થિતિ જાણવી હોય તે યોજના માટેનો અરજી નંબર લખો
2. તમારી જન્મ તારીખ લખો.
3. તમારી અરજીની સ્થિતિ જોવા માટે ઉપરની વિગતો લખી ને View Status (3) બટન પર ક્લિક કરો.




✓ View Status બટન પર ક્લિક કરવાથી તમારી અરજીની સ્થિતિ સ્ક્રીન પર દેખાશે.

✓ જો તમે બીજી યોજનાની સ્થિતિ જોવા ઇચ્છતા હોય તો Clear (1) બટન પર ક્લિક કરો.

## End of Document